

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 184
Dt.: 17-03-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

### ભાજપે કેરલમમાં ૪૭ ઉમેદવારોના નામની જાહેરાત કરી

# બંગાળ ચૂંટણી માટે ભાજપે ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ નેતા પ્રતિપક્ષ સુવેંદુ અધિકારીને નંદીગ્રામ ઉપરાંત ભવાનીપુરથી ચૂંટણી લડાવવાનો નિર્ણય કર્યો છે, જ્યાંથી મમતા બેનર્જી ચૂંટણી લડે છે અને હાલમાં ત્યાંથી ધારાસભ્ય પણ છે. ભાજપમાં સામેલ થતાં પહેલા મમતા બેનર્જીના નજીક રહેલા સુવેંદુ અધિકારીને ભવાનીપુરથી ચૂંટણી લડાવવાનો નિર્ણયથી ફરી એક વાર બંને નેતાઓ વચ્ચે રાજકીય ટકરાવની પ્રબળ સંભાવના પેદા થઈ ગઈ છે.

જણાવી દઈએ કે, પાછલી વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનર્જીએ નંદીગ્રામ સીટ પરથી સુવેંદુ અધિકારી વિરુદ્ધ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો, પણ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યાર બાદ ભવાનીપુરથી ટીએમસી ધારાસભ્ય સોવનદેવ ચટ્ટોપાધ્યાયે મમતા માટે પોતાની સીટ છોડવાનો નિર્ણય કર્યો હતો અને અહીંથી તેઓ પેટાચૂંટણીમાં જીતીને બંગાળ વિધાનસભામાં પહોંચ્યા હતા. ભાજપ દ્વારા આ મત વિસ્તારમાંથી અધિકારીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય ટીએમસીના નેતૃત્વને તેમના જ ગઢમાં પડકાર આપવાની આક્રમક રણનીતિના સંકેત આપે છે. ભાજપે પૂર્વ પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષને ખડગપુર સદરથી મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે પોતાની ફાયરબ્રાન્ડ મહિલા નેતા અગ્નિમિત્રા પોલને આસનસોલ દક્ષિણથી ચૂંટણી લડાવવાનો નિર્ણય કર્યો છે, જ્યારે પૂર્વ રાજ્યસભા સાંસદ સ્વપન દાસગુપ્તા રાસબિહારી નિર્વાચન મત વિસ્તારથી ચૂંટણી લડશે. ભાજપે કાલીગંજથી બાપન ઘોષ, ડાયમંડ હાર્બરથી દીપક કુમાર હલદર, આસનસોલ ઉત્તરથી કૃષ્ણેંદુ મુખર્જી, હાસનથી નિખિલ બેનર્જી, કૂચબિહાર ઉત્તરથી સુકુમાર રોય અને સિલિગુડીથી શંકર ઘોષને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે પહેલી યાદી ભારતીય ચૂંટણી પંચ દ્વારા પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની તારીખની ઘોષણાના એક દિવસ પછી આવી છે. આયોગે જણાવ્યું છે કે બંગાળ ચૂંટણી બે તબક્કામાં ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલના રોજ યોજાશે. આસામ, કેરલમ, તમિલનાડૂ, પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીના ચૂંટણી કાર્યક્રમની ઘોષણા કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું કે તમામ માટે ચૂંટણી પ્રક્રિયાને સુવિધાજનક બનાવવા માટે તબક્કાની સંખ્યા ઓછી કરવી જરુરી હતી. બીજી તરફ, દક્ષિણ ભારતના મહત્ત્વના રાજ્ય કેરલમમાં પણ ભાજપે આક્રમક વલણ અપનાવ્યું છે. કેરલમ વિધાનસભા ચૂંટણી માટે પક્ષે ૪૭ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. આ યાદીમાં પક્ષના પાયાના કાર્યકરોથી લઈને જાણીતા નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે કેરલમમાં ભાજપના વધતા પ્રભાવને દર્શાવે છે. કેરલમમાં પરંપરાગત રીતે ચાલતા આવતા રાજકીય ગઠબંધનો વચ્ચે ભાજપ ત્રીજા વિકલ્પ તરીકે ઉભરી આવવા માટે આ ઉમેદવારો દ્વારા જનતા સુધી પહોંચશે. બંને રાજ્યોમાં ઉમેદવારોની આ જાહેરાત સાથે જ ચૂંટણીનો માહોલ ગરમાયો છે અને પક્ષના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નેમોનથી પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખર ચૂંટણી લડશે. ત્યારે કઝાક્કુટ્ટમથી પૂર્વ વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરનને ઉતાર્યા છે. ભાજપે મલયાલમની જાણિતા લેખત આર.શ્રીલેખાને વટ્ટિયૂરકાવુથી ઉમેદવાર બનાવ્યા છે. પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સુરેન્દ્રનને મંજેશ્વરથી અને પી.કે.કૃષ્ણદાસને કાટ્ટાકાડાથી ટિકિટ આપી છે.

### ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલાસો કર્યો

## ઈરાન સાથેની સીધી વાતચીતને પરિણામે જહાજો સુરક્ષિત રીતે પસાર થઈ શક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જયશંકરની મધ્યસ્થીથી હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારતીય જહાજો સુરક્ષિત પસાર થયા છે. મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલાસો કર્યો છે કે, ઈરાન સાથેની સીધી વાતચીતને પરિણામે ભારતીય જહાજો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શક્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના દેશોને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ ખોલવા માટે યુદ્ધ જહાજો મોકલવાની અપીલ કરી છે.

એક ઈન્ટરવ્યુમાં એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે સતત વાતચીત ચાલી રહી છે. તેના પરિણામે શનિવારે ભારતીય ધ્વજ ધરાવતા બે ગેસ ટેક્નર પર્શિયન ગલ્ફમાં હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સફળતાપૂર્વક પસાર થયા હતા. જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે કોઈ કાયમી સમજૂતી થઈ નથી. આ કોઈ લેણ-દેણનો મામલો પણ નથી, ઈરાનને તેના બદલામાં કશું આપવામાં આવ્યું નથી. આ સફળતા બંને દેશો વચ્ચેના લાંબા ગાળાના સંબંધોને આભારી છે. દરેક જહાજની અવરજવર માટે અલગથી વાતચીત કરવામાં આવે છે.



જયશંકરે જણાવ્યું કે, "મારી ઈરાન સાથે સતત વાટાઘાટો ચાલી રહી છે. જો તેનું કોઈ પરિણામ મળે છે, તો સ્વાભાવિક છે કે હું તેને આગળ પણ ચાલુ રાખવાનો પ્રયાસ કરીશ. ભારતની દ્રષ્ટિએ શ્રેષ્ઠ એ જ છે કે અમે વાતચીત કરતા રહીએ અને તાલમેલ દ્વારા સમાધાન શોધીએ. જો તેના કારણે અન્ય દેશો માટે પણ વાતચીતનો રસ્તો ખુલી જતો હોય, તો વિશ્વ માટે તે સવર્શ્રેષ્ઠ રહેશે."

એક અહેવાલ મુજબ, ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના કમાન્ડર અલીરેઝા તંગસીરીએ સોશિયલ મીડિયા પર ઈશારામાં જણાવ્યું હતું કે, સમુદ્રમાં ઈરાની નેવીની કાર્યવાહીના પરિણામો મળી રહ્યા છે. તેમણે ભારતનું નામ લીધા વિના કહ્યું કે, જોખમ અને પ્રતિબંધો હટાવવાનું આ એક વાસ્તવિક મોડલ છે. શનિવારે જ્યારે ભારતીય ટેક્રરો પસાર થયા, તે જ સમયે ઈરાની તેલ ભરેલા જહાજોને પણ રસ્તો આપવામાં આવ્યો હતો.

### બધાને માફ કરતા, બધાની માફી માગતા જાઓ

## હરીશ રાણાના અંતિમ પળોનો વીડિયો જોઈ થઈ જશો ભાવુક

### સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તેમના પેસિવ યુથનેશિયા (ઈચ્છામૃત્યુ)ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝિયાબાદ

ગાઝિયાબાદના હરીશ રાણાની ઘટના વિશે તો આપણે જાણીએ જ છીએ. હરીશ છેલ્લા ૧૩ વર્ષથી બેડ પર હતો. વર્ષોના સંઘર્ષ પછી જ્યારે એક માતા-પિતાને ભારે હૈયે પોતાના દીકરા માટે ઈચ્છામૃત્યું માગવું પડે, તો વિચારો કે એ પીડા કેવી હશે, કદાચ તે શબ્દોમાં તો વર્ણવી જ ન શકાય. હાલમાં સુપ્રીમ કોર્ટની ઈચ્છામૃત્યુની મંજૂરી બાદ તેમની લાઈફ સપોર્ટ સિસ્ટમ ધીમે ધીમે હટાવવામાં આવી છે. આ દરમિયાન એક વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં હરીશ રાણાને અંતિમ વિદાય આપવામાં આવી રહી છે. એક માતા-પિતા માટે પોતાના દીકરાનો અંતિમ સમય જોવો તે સૌથી મુશ્કેલ ક્ષણ છે.વાયરલ થયેલા વીડિયોમાં એક મહિલા હરીશ રાણાને અંતિમ વિદાય આપતા જોવા મળી રહ્યા છે. આ બ્રહ્માકુમારી બહેનો છે. હરીશને AIIMS લઈ જવામાં આવે તે પહેલાં બ્રહ્માકુમારીની બહેનો હરીશ રાણાના ઘરે પહોંચી હતી અને પછી રાજયોગ કરાવ્યો હતો. ત્યારબાદ તેમને અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ વીડિયો ખૂબ જ ભાવુક કરી દે તેવો છે. વીડિયોમાં બહેને હરીશ રાણાને તિલક લગાવ્યું અને માથા પર હાથ ફેરવીને કહ્યું કે, "બધાને માફ કરતા, બધાની માફી માગતા હવે જાઓ, ઠીક છે." આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. હરીશ છેલ્લા ૧૩ વર્ષથી બેડ પર હતા. તેમના માતા-પિતાએ ઈચ્છામૃત્યુની માગ કરી હતી, જેને ૧૧ માર્ચે સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી હતી. ત્યારબાદ, શુક્રવારે બ્રહ્માકુમારી બહેનો તેમના રાજ એમ્પાયર સોસાયટી સ્થિત ઘરે પહોંચી અને અંતિમ વિદાય આપી હતી. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૩માં ચોથા માળેથી પડી જવાથી હરીશ રાણાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારથી તેઓ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર છે અને શ્વાસ લેવા અને ખોરાક માટે નળી લગાવવામાં આવી છે. તેમના માતા-પિતા છેલ્લા ૧૩ વર્ષથી સતત સંઘર્ષ કરી રહ્યા હતા. હરીશ રાણાની ઈચ્છામૃત્યુ માટે તેમના માતા-પિતાએ પહેલા હાઈકોર્ટમાં અરજી કરી હતી, પણ અરજી ફગાવી દેતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. વર્ષો સુધી અનેક તબીબી પ્રયાસો છતાં પોતાના પગ પર ઊભા થવાની આશા સાવ નિરાશામાં બદલી ગઈ હતી, ત્યારે માતા-પિતાએ ઈચ્છામૃત્યુ માટે અરજી કરી હતી, જેને અંતે સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી હતી.

## ઓપિનિયન પોલના ચોંકાવનારા તારણો: તમિલનાડુમાં બધાને પછાડી પહેલીવાર એનડીએની સરકાર બની શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ચૂંટણી પંચે રવિવારે ૧૫મી માર્ચના રોજ ૪ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ માટે ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળા, આસામ, તમિલનાડુ, કેરળમ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી માટે વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી. હવે તેને લઈને ઓપિનિયન પોલ પણ સામે આવી રહ્યા છે. જાણો તમિલનાડુમાં શું સ્થિતિ જોવા મળી રહી છે? ચૂંટણી પંચે જાહેર કરેલી તારીખો મુજબ તમિલનાડુની ૨૩૪ વિધાનસભા બેઠકો માટે ૨૩મી એપ્રિલના રોજ મતદાન થશે અને ૪ મેના રોજ મતગણતરી હાથ ધરાશે. તમિલનાડુમાં કુલ ૨૩૪ વિધાનસભા મતવિસ્તારોમાં ૫.૬૭ કરોડ મતદારો નોંધાયેલા છે. આ સીટોમાંથી ૪૪ સીટો શિડ્યૂલ કાસ્ટ્સ માટે અને ૨ સીટ શિડ્યૂલ્ડ ટ્રાઈબ્સ માટે અનામત છે. પહેલીવાર મતદાન કરનારા મતદારોની સંખ્યા ૧૨.૫૧ લાખ (૧૮-૧૯ વર્ષ) છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થતા ઓપિનિયન પોલ સામે આવ્યો છે. જેમાં રાજ્યમાં સત્તાધારી પાર્ટી ડીએમકેના ડાંડિયા ડૂલ થાય તેવી શક્યતા જણાવાઈ છે. જ્યારે આશ્ચર્યજનક રીતે એનડીએના હાથમાં સત્તાની કમાન આવતી જોવા મળી રહી છે. મેટ્રાઈઝ-IANS દ્વારા હાથ ધરાયેલા સર્વેના તારણો મુજબ સત્તાધારી ડીએમકે અને તેના સાથીઓને ૧૦૪થી ૧૧૪ સીટો મળે તેવું અનુમાન વ્યક્ત કરાયું છે. જ્યારે એઆઈડીએમકેના નેતૃત્વમાં ચૂંટણી લડનારા એનડીએમાં ભાજપ પણ સામેલ છે.

### મુકેશ અંબાણી ભારતમાં નંબર ૧ પર

## ભારતમાં એક વર્ષમાં ૨૪ અબજપતિ વધ્યા, ફોર્બ્સની નવી યાદી જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફોર્બ્સે દુનિયાના સૌથી અમીર વ્યક્તિઓની લેટેસ્ટ યાદી જાહેર કરી છે, જે મુજબ ભારતમાં અબજોપતિઓની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લા એક વર્ષમાં દેશમાં ૨૪ નવા અબજોપતિઓ ઉમેરાયા છે, જેનાથી વૈશ્વિક અમીરોની યાદીમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત બની છે. આ યાદીમાં વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓના રેન્કિંગ પણ સામે આવ્યા છે, જેમાં ઘણા મોટા ઉદ્યોગપતિઓની સંપત્તિમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે.

ફોર્બ્સ વર્લ્ડ્સ બિલિયોનેર્સ ૨૦૨૬ની યાદી મુજબ, ભારતમાં અબજોપતિઓની સંખ્યા વર્ષ ૨૦૨૫ની સરખામણીએ વધીને આ વર્ષે ૨૨૯ થઈ ગઈ છે. જો કે, ફોર્બ્સ ઈન્ડિયાની લિસ્ટ ૨૦૨૫ મુજબ ભારતના ૧૦૦ સૌથી ધનિક લોકોની નેટવર્થમાં ૯ ટકાનો ઘટાડો થયો છે, જે હવે ૧ ટ્રિલિયન ડોલર (આશરે ૮૮ લાખ કરોડ) રહી ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે તેમની નેટવર્થ ૧.૧ ટ્રિલિયન ડોલર એટલે કે આશરે ૯૭ લાખ કરોડ હતી. ફોર્બ્સ વર્લ્ડ્સ બિલિયોનેર્સ ૨૦૨૬ની યાદી અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ભારતના સૌથી ધનિક વ્યક્તિ તરીકે પ્રથમ સ્થાને રહ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નફામાં છેલ્લા એક વર્ષમાં આશરે ૧૨% ના વધારા સાથે મુકેશ અંબાણી એશિયા અને ભારતના સૌથી અમીર વ્યક્તિ તરીકે યથાવત છે. જો કે, તેઓ બે વર્ષ પહેલાની જેમ ૧૦૦ અબજ ડોલરની સંપત્તિવાળા ક્લબમાં ફરી સામેલ થવાથી થોડા પાછળ રહી ગયા છે. ફોર્બ્સની ૨૦૨૬ની વિશ્વના અબજોપતિઓની યાદી મુજબ, ભારતમાં હવે ૨૨૯ અબજોપતિ છે, જે ગયા વર્ષે ૨૦૫ હતા. આ વધારાનું મુખ્ય કારણ શેરબજારમાં નવી કંપનીઓનું લિસ્ટિંગ રહ્યું છે, જેણે બજારને વેગ આપ્યો. ભારતીય અબજોપતિઓની કુલ સંપત્તિ પણ વધીને ૧ ટ્રિલિયન ડોલરથી વધુ થઈ ગઈ છે, જે ૨૦૨૫માં ૯૪૧ અબજ ડોલર હતી. દેશના ટોચના ૧૦ સૌથી ધનિક લોકોની કુલ સંપત્તિ ૩૬૮ અબજ ડોલર છે, જે કુલ સંપત્તિના ત્રીજા ભાગ કરતા પણ વધુ હિસ્સો ધરાવે છે. છેલ્લા એક વર્ષમાં તેમની સંપત્તિમાં આશરે ૩૨ અબજ ડોલરનો વધારો થયો છે. ભારતના બે સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની સંપત્તિમાં પણ સંયુક્ત રીતે ૧૪.૭ અબજ ડોલરનો વધારો નોંધાયો છે.

સાવિત્રી જિંદાલ, જેઓ ઓ.પી. જિંદાલ ગ્રુપના ચેરમેન છે, તેઓ ભારતના ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ અને દેશના સૌથી ધનિક મહિલા તરીકે યથાવત છે. ભારતમાં કુલ ૨૦ મહિલા અબજોપતિઓના જૂથમાં તેઓ ટોપ પર છે. ભારતીય અબજોપતિઓમાં આ વર્ષે સૌથી વધુ સંપત્તિ વધવાનો રેકોર્ડ સ્ટીલ ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલના નામે રહ્યો છે. ભારતના ચોથા સૌથી ધનિક વ્યક્તિ મિત્તલ હાલમાં બ્રિટનના નવા ટેક્સ નિયમો લાગુ થયા બાદ સ્વિટ્ઝરલેન્ડ શિફ્ટ થઈ ગયા છે. તેમની કંપની ArcelorMittalના શેર ગયા વર્ષની સરખામણીમાં ૮૦% થી વધુ વધ્યા છે. આ ઉછાળાને કારણે મિત્તલની સંપત્તિ ૧૧.૮ અબજ ડોલર (આશરે ૬૧%) વધીને ૩૧ અબજ ડોલર થઈ ગઈ છે. જો કે, આ સંપત્તિ હજુ પણ ૨૦૦૮માં તેમની ૪૫ અબજ ડોલરની સર્વોચ્ચ સંપત્તિ કરતા ઓછી છે, જ્યારે તેઓ વિશ્વના ચોથા સૌથી ધનિક વ્યક્તિ હતા.

## ચૂંટણી પંચે બંગાળના મુખ્ય સચિવ-ગૃહ સચિવને હટાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીની તારીખોની જાહેરાતના કેટલાક પણ કલાકો પછી ચૂંટણી પંચે (ECI)રાજ્યના મુખ્ય સેક્રેટરી નંદિની ચક્રવર્તી અને ગૃહ સચિવ જગદીશ પ્રસાદ મીણાને હટાવ્યા હતા. નંદિની ચક્રવર્તીના સ્થાને દુષ્યંત નારિયાલાને નવા મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે સંગમિત્રા ઘોષને નવા ગૃહ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચે સાત AERO અધિકારીઓને સીધા જ સસ્પેન્ડ પણ કર્યા છે. ECI એ એક પત્રમાં જણાવ્યું છે કે ૧૯૯૩ બેચના IAS અધિકારી દુષ્યંત નારિયાલાને પશ્ચિમ બંગાળના નવા મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯૯૭ બેચના IAS અધિકારી સંગમિત્રા ઘોષને પશ્ચિમ બંગાળના ગૃહ અને પહાડી બાબતોના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચે નિર્દેશ આપ્યો છે કે આ આદેશોનો તાત્કાલિક અમલ કરવામાં આવે અને આ અધિકારીઓને જવાબદારી સોંપવાનો અહેવાલ ૧૬ માર્ચ (સોમવાર) બપોરે ૩ વાગ્યા સુધીમાં રજૂ કરવામાં આવે. કમિશને એમ પણ જણાવ્યું હતું કે ચૂંટણીઓ સંપૂર્ણ રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલી કરાયેલા અધિકારીઓને ચૂંટણી સંબંધિત કોઈપણ પદ પર ફરીથી નિયુક્ત કરવામાં આવશે નહીં. પાંચ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચૂંટણીની તારીખોની જાહેરાત અંગે ભાજપના નેતા દિલીપ ઘોષે કહ્યું હતું કે, "ચૂંટણી પંચને વિશ્વાસ છે કે ચૂંટણીઓ શાંતિપૂર્ણ રહેશે. અમને શાંતિપૂર્ણ ચૂંટણીની પણ આશા છે કારણ કે ચૂંટણી પંચ SIRના સમયથી સારું કામ કરી રહ્યું છે. ચૂંટણીઓ એક વાર યોજાય કે દસ વાર, અમે લડીશું અને જીતીશું, પરંતુ લાંબી ચૂંટણી પ્રક્રિયા અધિકારીઓ અને કર્મચારીઓ પર ખર્ચ અને દબાણ તરફ દોરી જાય છે.



# તંત્રી લેખ......

## પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ

ચાર રાજ્યો - આસામ, પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી - માં વિધાનસભા ચૂંટણીઓની જાહેરાત સાથે, પ્રશ્ન ઊભો થયો છેઃ આ રાજ્યોના પરિણામો રાષ્ટ્રીય રાજકારણને કઈ દિશામાં લઈ જશે? આ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ એ પણ જાહેર કરશે કે તેમના સંબંધિત રાજ્યોમાં શાસક પક્ષો સામે સત્તા વિરોધી વલણ અસરકારક સાબિત થશે કે નહીં. આ મોટે ભાગે રાજ્ય સરકારોના પ્રદર્શન પ્રત્યે જનતાના વલણ પર આધાર રાખશે.

બધી સરકારો સામાન્ય રીતે અમુક અંશે સત્તા વિરોધી વલણનો સામનો કરે છે, પરંતુ જે સરકારો લાંબા સમય સુધી સત્તામાં રહે છે તેમને આ સત્તા વિરોધી વલણનો અનુભવ થવાની શક્યતા વધુ હોય છે. આ સંદર્ભમાં, બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકાર, જે તેનો ત્રીજો કાર્યકાળ પૂર્ણ કરી રહી છે, કેરળમાં ડાબેરી મોરચાની સરકાર, જે તેનો બીજો કાર્યકાળ પૂર્ણ કરવા જઈ રહી છે, અને આસામમાં ભાજપ સરકાર મુખ્ય છે.

આ બધા રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ પ્રાદેશિક અને રાષ્ટ્રીય રાજકીય પક્ષોની પણ કસોટી કરશે. આમાં મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ છે. જોકે કેરળમાં ડાબેરી મોરચાની સરકારનું નેતૃત્વ કરતી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્ક્સવાદી) પણ એક રાષ્ટ્રીય પક્ષ છે, તેમ છતાં તેનો દરજ્જો પ્રાદેશિક પક્ષ જેવો જ રહ્યો છે. જો ભાજપ આસામમાં સત્તામાં પાછા ફરવાની શક્યતા છે, તો કેરળમાં કોંગ્રેસ માટે પણ કેટલીક શક્યતાઓ છે. જો કે, હકીકત એ છે કે આ રાજ્યમાં કોંગ્રેસની સ્થિતિ બહુ સારી નથી. તે જૂથવાદથી પણ પીડાય છે. કોંગ્રેસ આસામમાં ભાજપને પડકારવાનો પ્રયાસ કરશે, પરંતુ અહીં પણ તેની સ્થિતિ બહુ સારી નથી. તાજેતરમાં, તેના એક અગ્રણી નેતા ભાજપમાં જોડાયા છે. તમિલનાડુમાં પણ, કોંગ્રેસ મોટાભાગે શાસક ડીએમકેની દયા પર છે. ડીએમકે ૨૫-૩૦ થી વધુ બેઠકો છોડવા તૈયાર નથી. તમિલનાડુના પડોશી કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં, એક ગઠબંધન સરકાર છે, જેમાં ભાજપનો સમાવેશ થાય છે. હાલમાં, તેને કોઈ મોટો પડકાર નથી, પરંતુ ચૂંટણી પરિણામો નક્કી કરશે કે ત્યાં કોણ સરકાર બનાવે છે. રાજ્યની ચૂંટણીઓમાં પ્રાદેશિક મુદ્દાઓ વધુ પ્રભાવશાળી હોય છે, પરંતુ કેટલાક રાષ્ટ્રીય મુદ્દાઓ પણ ભૂમિકા ભજવે છે. બધા બિન-ભાજપ શાસિત રાજ્યોમાં એસઆઈઆર મુદ્દો ગરમા ગરમ બને તેવી શક્યતા છે. બંગાળમાં, તેને ખાસ કરીને તૃણમૂલ કોંગ્રેસ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. જવાબમાં, ભાજપ ઘુસણખોરોનો મુદ્દો જોરશોરથી ઉઠાવશે, પરંતુ સમય જ કહેશે કે તે ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરશે કે નહીં. આ ચૂંટણીઓ વિશે એક સારી વાત એ છે કે બંગાળમાં બે તબક્કામાં અને અન્ય તમામ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે.

### ઈરાને વધારી ઈઝરાયેલ-અમેરિકાની ચિંતા

## ઈરાને પહેલીવાર છોડી ડાન્સિંગ મિસાઈલ

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલ અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના ૧૬મા દિવસે રવિવારે ઈરાને ઈઝરાયેલ અને અમેરિકાના ઠેકાણાઓ પર મોટા પાયે મિસાઈલ હુમલા કર્યા છે. ઈરાની સમાચાર એજન્સી પ્રેસ ટીવી અનુસાર, આ હુમલાઓમાં સ્વદેશી રીતે વિકસિત સેજ્જિલ બેલેસ્ટિક મિસાઈલનો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ હુમલો ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા યુદ્ધ પછી સેજ્જિલ મિસાઈલનું આ પ્રથમ યુદ્ધકાલીન લોન્ચિંગ છે.

ઈરાની સેનાએ ટ્રૂ પ્રોમિસ ૪ અભિયાન હેઠળ ઈઝરાયેલના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ અને મહત્વપૂર્ણ આર્મી બેઝને નિશાન બનાવ્યા. સેજ્જિલ મિસાઈલ ઘન ઈંધણથી ચાલતી બે તબક્કાની મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલ છે, જેની મારક ક્ષમતા અંદાજે ૨૦૦૦ કિલોમીટર છે અને તે ૭૦૦ કિલો સુધીના વિસ્ફોટકો લઈ જઈ શકે છે.

આ મિસાઈલને નાચતી મિસાઈલ એટલે કે ડાન્સિંગ મિસાઈલ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે તે ઊંચાઈ પર પહોંચ્યા પછી હવામાં દાવપેચ કરી શકે છે. આ ક્ષમતાને કારણે આયર્ન ડોમ જેવી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમથી પણ બચવાનું સરળ બની જાય છે.

સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ (CSIS) અનુસાર, આ મિસાઈલ લગભગ ૧૮ મીટર લાંબી, ૧.૨૫ મીટર વ્યાસ ધરાવતી અને ૨૩,૬૦૦ કિલોગ્રામ વજનની છે. ઘન ઈંધણને કારણે તેને ઝડપથી તૈયાર અને લોન્ચ કરી શકાય છે, જે જૂની પ્રવાહી ઈંધણવાળી શાહબ શ્રેણી કરતા વધુ સારો વ્યૂહાત્મક લાભ આપે છે. સેજ્જિલ મિસાઈલના વિકાસનું કામ ૧૯૯૦ના દાયકામાં શરૂ થયું હતું અને તેનું પ્રથમ પરીક્ષણ ૨૦૦૮માં થયું, જેમાં તે લગભગ ૮૦૦ કિમી દૂર ગઈ હતી. ત્યારબાદ કરવામાં આવેલ પરીક્ષણ થયું, જેમાં ૧૯૦૦ કિમી સુધીનું અંતર કાપવાનો રેકોર્ડ બનાવ્યો. આ હુમલો આવા સમયે થયો છે, જ્યારે આ યુદ્ધ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા સંયુક્ત હુમલાથી શરૂ થયું હતું. આ હુમલાઓમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયું હતું. ત્યારબાદ સમગ્ર ક્ષેત્રમાં આ સંઘર્ષે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે.

ઈરાને જવાબી કાર્યવાહીમાં ઈઝરાયેલ અને ખાડી દેશોમાં આવેલા અમેરિકાના ઠેકાણા પર સતત મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. જ્યારે ઈઝરાયેલ-અમેરિકાએ ઈરાની ઠેકાણા પર હુમલા ચાલી રાખ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૨૦૦૦થી વધુ લોકોના મોત થયા છે, જેમાં મોટાભાગના ઈરાની નાગરિકો છે. પેન્ટાગોનના જણાવ્યા અનુસાર, સંઘર્ષ શરૂ થયા પછી અમેરિકા અને ઈઝરાયેલાના સેનાએ ઈરાનમાં ૧૫,૦૦૦થી વધુ સ્થળો પર હુમલા કર્યા છે. અમેરિકી મીડિયા અનુસાર, પેન્ટાગોને આ ક્ષેત્રમાં જીજી ત્રિપોલી જેવું એમ્ફિબિયસ એસોલ્ટ શિપ ૨૫૦૦ મરીન સૈનિકો સાથે તૈનાત કર્યું છે.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો 'આસ્થા સાથે સુરક્ષા'નો સંવેદનશીલ અભિગમ

## નર્મદા પરિક્રમાની તડમાર તૈયારીઓઃ રાજ્ય સરકાર રૂ.૧૦ કરોડના ખર્ચે શ્રદ્ધાળુઓને પૂરી પાડશે અનેક સુવિધાઓ



ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ માટે નર્મદા પરિક્રમા માત્ર યાત્રા નથી; પણ આસ્થા, સાધના અને આધ્યાત્મિક શક્તિનો અનોખો અનુભવ રહી છે અને ગુજરાતમાં યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા આ જ સનાતન પરંપરાનું જીવંત પ્રતિબિંબ છે કે જ્યાં ભક્તો નર્મદા માતાની આરાધના સાથે પરિક્રમા કરીને આધ્યાત્મિક સાહસ થકી શાંતિનો અનુભવ મેળવે છે. ગુજરાત સરકાર પણ દર વર્ષે યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ પાયે વ્યવસ્થાઓ કરે છે.

આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલનારી આ ૩૦ દિવસીય નર્મદા પરિક્રમા માટે પણ રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને અનુસરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતમાં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓના સંરક્ષણ સાથે આધુનિક સુવિધાઓના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીનાં સંવેદનશીલ નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર નર્મદા પંચકોશી પરિક્રમા માટે એવી વ્યવસ્થાઓ ઉભી કરી રહી છે કે જેમાં શ્રદ્ધા, સુરક્ષા અને સુવિધા; ત્રણેયનો સુમેળ જોવા મળશે.

**રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી સુવિધાઓનું વ્યાપક વિસ્તરણ**

નર્મદા પરિક્રમાર્થીઓની 'દુર્ગમ' યાત્રાને 'સુગમ' બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેંદ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો શ્રદ્ધાળુઓને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય; તે માટે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે મોટા પાયે હંગામી તેમજ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે.

શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫–૨૬માં નર્મદા પરિક્રમા માટે લગભગ રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. તેમાં વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, ૨૪×૭ એમ્બ્યુલન્સ, લાઈટિંગ તથા ઈમર્જન્સી હેલ્પ પોઈન્ટ, વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, ઓસીકા, ખુરશીઓ અને બેડશીટ સાથેની બેઠક અને વિશ્રામની વ્યવસ્થા રહેશે. આ સાથે; સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને ક્લોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે કે જેથી યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે. પરિક્રમા માર્ગ પર શ્રદ્ધાળુઓની સુગમતા માટે સેવા કેન્દ્રો અને દુકાનો ઉભી કરવામાં આવી રહી છે.

**સ્વચ્છતા, આરોગ્ય અને વ્યવસ્થાપનને ટોચની પ્રાથમિકતા**

યાત્રાધામ બોર્ડ દ્વારા પરિક્રમા વિસ્તારને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

મહિલાઓ અને પુરુષો માટે અલગ હંગામી શૌચાલય, મોબાઈલ ટૉયલેટ વાન અને સ્નાન સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સતત પાણી પુરવઠો, ડ્રેનેજ અને કચરાના નિકાલ માટે સુવ્યવસ્થિત સવલતો ઉભી કરવામાં આવી છે. એક મહીનાની પરિક્રમા દરમિયાન હાઉસકીપિંગ ટીમો અનેક શિફ્ટોમાં કાર્યરત રહેશે કે જેથી પરિક્રમા વિસ્તાર સ્વચ્છ અને સુવ્યવસ્થિત રહે.

**સુરક્ષા અને આધુનિક ટેક્નોલોજી સાથે ક્રાઉડ મેનેજમેન્ટ**

લાખો શ્રદ્ધાળુઓના આગમનની શક્યતાને જોતા સુરક્ષા વ્યવસ્થા અત્યંત મજબૂત બનાવવામાં આવી છે. પોલીસ બૂથ, સુરક્ષા કેબિન અને વૉચ ટાવર ઉભા કરવામાં આવશે. તાલીમબદ્ધ સુરક્ષા કર્મચારીઓ અનેક શિફ્ટોમાં ફરજ બજાવશે. ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ પ્રકારની બેરિકેડિંગ વ્યવસ્થા તથા ઈન્ફ્રારેડ (આઈઆર) અને રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (આરએફઆઈડી) આધારિત હેડ કાઉન્ટ સિસ્ટમ દ્વારા યાત્રાળુઓની અવર-જવર પર આધુનિક ટેકનોલોજી દ્વારા નજર રાખવામાં આવશે.

**લાઈટિંગ, કોમ્યુનિકેશન અને સર્વેલન્સની આધુનિક સુવિધાઓ**

પરિક્રમા માર્ગ અને તમામ ઘાટોને પ્રકાશિત કરવા માટે વ્યાપક લાઈટિંગ વ્યવસ્થા કરાઈ રહી છે. સમગ્ર ૧૮ કિલોમીટરના માર્ગ પર એલઈડી અને ફ્લડ લાઈટ લગાવવામાં આવશે કે જેથી રાત્રિના સમયે પણ યાત્રાળુઓને સલામત અને સ્પષ્ટ માર્ગ મળી રહે. જાહેર ઉદ્ઘોષણાઓ માટે સાઉન્ડ સિસ્ટમ, વાયરલેસ કમ્યુનિકેશન અને સીસીટીવી સર્વેલન્સની વ્યવસ્થા રહેશે. ટેક્નિકલ ઓપરેટરો દ્વારા સમગ્ર વિસ્તારમાં સતત નજર રાખવામાં આવશે.

**હવે કાયમી સુવિધાઓ પર ભાર : રૂ. ૫.૦૭ કરોડના ખર્ચે પરમાનન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર**

રાજ્ય સરકારના સહકારથી યાત્રાધામ બોર્ડ હવે નર્મદા પરિક્રમાર્થીઓ માટે ધીમે-ધીમે કાયમી સુવિધાઓ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અત્યાર સુધી કુલ રૂ. ૫.૦૭ કરોડના ખર્ચે કાયમી સુવિધાના વિકાસ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે કે જે હવે પરિક્રમાર્થીઓ માટે કાયમી રાહતનો આધાર બનવાના છે. તેમાં (૧) શ્રી મઢી દેવસ્થાન ખાતે લગભગ રૂ. ૯૯.૬૮ લાખના ખર્ચે પેવર બ્લોક પાથવે, સુવિધા કેન્દ્ર, પીવાના પાણીનો ટાંકો, સોલાર લાઈટ અને શૌચાલય બ્લોક (૨) શ્રી સિદ્ધટેકરી રામ કુંડ ખાતે રૂ. ૨૨૬.૯૩ લાખના કામો હેઠળ રિટેનિંગ વોલ, પરિક્રમાર્થી સુવિધા કેન્દ્ર, શૌચાલય, પીવાનું પાણી, યાત્રી નિવાસનું નવીનીકરણ, શેડ, ઈલેક્ટ્રિફિકેશન, બોરવેલ, સોલાર લાઈટ તથા ડ્રેનેજ સિસ્ટમનું નિર્માણ તેમજ (૩) શ્રી બલબલા કુંડ ખાતે લગભગ રૂ. ૧૪૯.૮૭ લાખના ખર્ચે પરિક્રમાર્થી સુવિધા કેન્દ્ર, શૌચાલય, પીવાનું પાણી, ઈલેક્ટ્રિફિકેશન અને પાથવે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આમ; ગુજરાત સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના દિશા નિર્દેશ હેઠળ રાજ્યની સાંસ્કૃતિક-સનાતન પરંપરાઓને વધુમાં વધુ પ્રોત્સાહન આપી રહી છે.

### રાજ્યના ખેડૂતોના હિતમાં મહત્ત્વનો નિર્ણયઃ શ્રીઅન્ન-મિલેટ્સની ખરીદી પર પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૦૦ ના બોનસની જોગવાઈ

## 'અંત્યોદય' અને 'ગરીબ કલ્યાણ'ના મંત્ર સાથે છેવાડાના માનવીની અન્ન સુરક્ષા માટે સરકાર સંકલ્પબદ્ધ-અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી

### રાજ્યના અનાજ વિતરણમાં આધુનિક ટેક્નોલોજીનો નવો યુગઃ CBDC ડિજિટલ ફૂડ કૂપન અને 'અન્નપૂર્તિ' ગ્રેઈન ATMનો કાર્યરત

અંત્યોદય' અને 'ગરીબ કલ્યાણ'ના મંત્ર સાથે રાજ્યમાં છેવાડાના માનવીની અન્ન સુરક્ષા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. ગુજરાતના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ વિભાગ માટે કુલ રૂ. ૨,૮૫૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.ગરીબ કલ્યાણ' એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વવાળી રાજ્ય સરકારનો માત્ર એજન્ડા નહીં, પરંતુ મંત્ર છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'અંત્યોદય'ના સપનાને સાકાર કરવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે તેમ,અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણભાઈ સોલંકીએ વિભાગની નવી જોગવાઈઓ અંગે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું.

આ પ્રસંગે અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પત્રકાર પરિષદમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખંધારે પ્રેઝન્ટેશન રજૂ કરતાં કહ્યું હતું કે,રાજ્યના નાગરિકોને અન્ન સુરક્ષા અને પોષણક્ષમ આહાર મળે તે માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રાજ્યના અંદાજે ૭૫ લાખ NFSA પરિવારોને અન્ન સુરક્ષા પૂરી પાડવા માટે રૂ. ૭૦૦.૬૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા, સમતોલ આહાર માટે NFSA કાર્ડધારકોને રાહત દરે તુવેર દાળ અને ચણા આપવા માટે રૂ. ૮૪૧.૬૯ કરોડની જોગવાઈ પણ કરાઈ છે.

તેમણે વધુમાં કહ્યું કે,વર્ષ ૨૦૨૫-૨૬માં અગાઉના વર્ષની સરખામણીએ કઠોળના વિતરણમાં ૨૮,૪૯૧ મેટ્રિક ટનનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત, આયોડિન અને આયર્નની ઊણપ દૂર કરવા ૭૫ લાખ પરિવારોને માત્ર રૂ. ૧ પ્રતિ કિલોના દરે ડબલ ફોર્ટિફાઈડ મીઠું આપવા રૂ. ૫૯.૪૯ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પારદર્શિતા પારદર્શિતા પર ભાર મૂકતાં તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર નાબૂદ કરવા અને સબસિડીનો સીધો લાભ પહોંચાડવા ટેક્નોલોજીનો વ્યાપ વધાર્યો છે. ગુજરાતે દેશમાં પ્રથમવાર CBDC (Central Bank Digital Currency) આધારિત ડિજિટલ ફૂડ કૂપનનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ સિસ્ટમ e-KYC આધારિત હોવાથી બાયોમેટ્રિક નિષ્ફળતા જેવી સમસ્યાઓ હલ થશે. અત્યાર સુધીમાં રાજ્યના ૪.૨૩ કરોડ રેશનકાર્ડ સભ્યોનું e-KYC પૂર્ણ કરવામાં આવ્યું તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત ખેડૂત કલ્યાણની વાત કરતાં તેમણે જણાવ્યું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૦,૩૯૬ ખેડૂતો પાસેથી વિવિધ ધાન્યની ખરીદી કરી રૂ. ૪૭,૪૯૪ લાખનું સીધું ચૂકવણું બેંક ખાતામાં કરવામાં આવ્યું છે. શ્રીઅન્ન(મિલેટ્સ)ના વપરાશને પ્રોત્સાહન આપવા માટે બાજરી, જુવાર, રાગી અને મકાઈની ખરીદી પર ખેડૂતોને રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસ આપવા માટે રૂ. ૩૬.૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે,જાહેર વિતરણ વ્યવસ્થાની મહત્વની કડી એવા ૧૭ હજારથી વધુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. હવે, તેમને રૂ. ૧૫૦ના બદલે રૂ. ૧૮૫ પ્રતિ ક્વિન્ટલ કમિશન ચૂકવવામાં આવશે. આ માટે રૂ. ૬૭.૨૦ કરોડની વિશેષ જોગવાઈ અલગથી કરાઈ છે.'સજાગ ગ્રાહક, સુરક્ષિત ગુજરાત'ના મંત્ર સાથે ગ્રાહકોના હિતોના રક્ષણ માટે નવીન પહેલ કરવામાં આવી છે. રાજ્યના દરેક જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં 'પ્રિ-લિટિગેશન અને સમાધાન કેન્દ્રો' સ્થાપવામાં આવશે. જેથી ફરિયાદોનો કોર્ટની લાંબી પ્રક્રિયા વિના ઝડપી ઉકેલ આવશે. વધુમાં, કાયદાકીય માપ વિજ્ઞાન તંત્રની કામગીરીને વધુ પારદર્શક બનાવવા ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ (IFP) કાર્યરત કરાયું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ પત્રકાર પરિષદમાં અન્ન અને નાગરિક પુરવઠા નિયામક શ્રી મયુર મહેતા સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગની અન્ય મહત્વની બાબતો આ મુજબ છે

- અન્નપૂર્તિ (Grain ATM): ૨૪×૭ અનાજ મળી રહે તે માટે 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમની સુવિધા શરૂ કરાશે.જેમાં લાભાર્થી માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજ મેળવી શકશે. આ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ
- આગામી સમયમાં સંભવિત કલોલ ખાતે અન્નપૂર્તિ -Grain ATMનો શુભારંભ કરાવશે
- નવા આઈ.ટી. સેલની રચનાઃ SMART-PDS સિસ્ટમના સુદૃઢ અમલીકરણ માટે વિભાગમાં નવા આઈ.ટી. સેલની રચના કરવા રૂ. ૨.૪૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- લેબોરેટરી સાધનોની ખરીદીઃ કાનૂની માપ વિજ્ઞાન તંત્ર માટે ૬૭ વર્કિંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી સાધનોની ખરીદી માટે રૂ. ૨૮.૩૮ કરોડની જોગવાઈ
- નવા ગોડાઉનોનું નિર્માણઃ રાજ્યમાં સંગ્રહ ક્ષમતા વધારવા માટે નાબાર્ડની સહાયથી ૪૫ તાલુકાઓમાં ૫૧ નવા ગોડાઉનો બાંધવાની વિચારણા છે, જેનાથી ૯૩,૪૦૦ મેટ્રિક ટન વધારાની ક્ષમતા ઊભી થશે.
- પેકેજ્ડ વિતરણ વ્યવસ્થાઃ તુવેર દાળ, ચણા અને ખાંડના વિતરણમાં પારદર્શિતા વધારવા અને ફરિયાદો ઘટાડવા માટે હવેથી છૂટકને બદલે ૧ કિલોગ્રામના પ્રમાણિત પેકિંગમાં વિતરણ કરવામાં આવશે
- કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ (CRI): વિશ્વમાં પ્રથમવાર કંપનીઓને ગ્રાહકો પ્રત્યેના વર્તન અને ફરિયાદ નિવારણના આધારે રેટિંગ આપવા માટે CRI તૈયાર કરવા MOU કરવામાં આવ્યા છે.

- જનક દેસાઈ

### સરકારી કર્મચારીઓ માટે ખુશખબર!

## ત્રિપુરામાં સરકારી કર્મચારીઓ માટે ૧ એપ્રિલથી લાગુ થશે નવો DA વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)ત્રિપુરા

ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ સોમવારે રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે મોટી જાહેરાત કરતા મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR)માં ૫ ટકા વધારાની જાહેરાત કરી છે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે, જ્યારે ત્રિપુરામાં આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે અને સરકાર કર્મચારીઓ તથા પેન્શનરોને રાહત આપવાનો પ્રયાસ કરી રહી છે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે, જ્યારે નાણામંત્રી પ્રણજીત સિંઘા રોયે વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કર્યું. બજેટ ભાષણ પૂર્ણ થયા બાદ તરત જ મુખ્યમંત્રી માણિક સાહાએ ગૃહમાં માહિતી આપી કે, રાજ્ય સરકાર કર્મચારીઓને વધારાનું ૫ ટકા DA આપવા જઈ રહી છે. આ વધારવામાં આવેલ DA ૧ એપ્રિલથી લાગુ થશે અને તેનો સીધો લાભ રાજ્યના હજારો કર્મચારીઓ અને પેન્શનરોને મળશે. સરકારના જણાવ્યા અનુસાર, આ નિર્ણયથી લગભગ ૧.૨ લાખ નિયમિત સરકારી કર્મચારીઓ અને લગભગ ૮૧ હજાર પેન્શનરો તથા ફેમિલી પેન્શનરોને લાભ મળશે. જો કે, આ નિર્ણયથી રાજ્યની તિજોરી પર અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. તેમ છતાં સરકારનું કહેવું છે કે, વધતી મોંઘવારીના સમયમાં કર્મચારીઓ અને પેન્શનરોને રાહત આપવી જરૂરી હતી, એટલા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અધિકારીઓનું કહેવું છે કે, આ વધારા બાદ રાજ્ય સરકારના કર્મચારીઓ અને કેન્દ્ર સરકારના કર્મચારીઓના DA વચ્ચેનો તફાવત પણ ઓછો થઈ જશે. હવે આ તફાવત લગભગ ૧૭ ટકા જેટલો રહેશે. સરકારનો ઈરાદો આગામી સમયમાં આ તફાવતને વધુ ઘટાડવાનો પણ છે, જેથી રાજ્યના કર્મચારીઓને પણ કેન્દ્ર સરકારના કર્મચારીઓ સમાન સુવિધાઓ મળી શકે. આ જાહેરાતને કર્મચારી અને પેન્શનર સંગઠનોએ આવકારી છે. ઘણી કર્મચારી યુનિયનોએ તેને "યોગ્ય સમયે લેવાયેલ નિર્ણય" ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે, છેલ્લા કેટલાક સમયથી મોંઘવારી સતત વધી રહી છે અને આવા સમયમાં DA વધવાથી કર્મચારીઓની ઘરની આર્થિક સ્થિતિમાં ઘણી હદ સુધી રાહત મળશે.રાજકીય નિષ્ણાતો આ નિર્ણયને ચૂંટણીની દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ માની રહ્યા છે. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સરકાર કર્મચારીઓ અને પેન્શનરો જેવા મોટા વોટ બેંકને રીઝવવાનો પ્રયાસ કરી રહી છે. હાલમાં આ વધારાથી કર્મચારીઓ અને પેન્શનરોને તાત્કાલિક રાહત મળવાની આશા છે. જો કે, નિષ્ણાતો માને છે કે, મોંઘવારીને જોતા ભવિષ્યમાં પણ DAમાં વધુ વધારાની માંગ ઉઠતી રહી શકે છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

## દુબઈ એરપોર્ટ પાસે ઈરાની ડ્રોન હુમલાથી ભીષણ આગ, ફલાઈટ્સ રદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે આવેલા ફ્યુઅલ ટેન્ક પર ડ્રોન હુમલો થતા આગ લાગી હતી. સદનસીબે, સિવિલ ડિફેન્સ ટીમે આગ પર કાબૂ મેળવી લીધો છે અને કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, સુરક્ષાના કારણોસર દુબઈ એરપોર્ટ પર ફ્લાઈટ્સ કામચલાઉ ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. દુબઈમાં ડ્રોન હુમલા બાદ ચાલી રહેલી ઈમરજન્સી કામગીરીને પગલે સુરક્ષાના કારણોસર દુબઈ પોલીસે એરપોર્ટ રોડ અને એરપોર્ટ ટનલને કામચલાઉ ધોરણે બંધ કરી દીધા છે. દુબઈ મીડિયા ઓફિસે જણાવ્યું કે સિવિલ ડિફેન્સની ટીમોએ એરપોર્ટ નજીક ફ્યુઅલ ટેન્ક પર થયેલા હુમલાને કારણે લાગેલી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લીધો છે, પરંતુ હજુ પણ ઓપરેશન ચાલુ હોવાથી પોલીસે વાહનચાલકોને અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.એપ્સ્ટિનના સાથીઓ બાળકો પર હુમલા કરવાનું બંધ નહીં કરે, હમેદાનમાં ફરી સ્કૂલને નિશાન બનાવી : ઈરાનનો દાવો બેરૂતના દક્ષિણી વિસ્તારોમાં ઈઝરાયલનો બોમ્બમારોઅહેવાલ મુજબ, ઈઝરાયલે લેબનોનની રાજધાની બેરૂતના દક્ષિણી પરા વિસ્તારોમાં બે મોટા હવાઈ હુમલા કર્યા છે. હાલમાં જાનહાનિના કોઈ તાત્કાલિક સમાચાર મળ્યા નથી, પરંતુ વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ છે.કુવૈત નેશનલ ગાર્ડના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં તેમણે તેમની સરહદમાં ઘૂસેલા બે ડ્રોનને તોડી પાડ્યા છે. અગાઉ રવિવારે અલી અલ સાલેમ બેઝ પર થયેલા ડ્રોન હુમલામાં ઈટાલિયન ફોર્સના આશ્રયસ્થાનને નુકસાન થયું હતું.એરફોર્સ વન પરથી પત્રકારો સાથે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, અમેરિકા ઈરાનના તે સ્થળોને નિશાન બનાવી રહ્યું છે જ્યાં ડ્રોનનું ઉત્પાદન થાય છે. તેમણે કહ્યું, "ઈરાન પાસે હવે બહુ ઓછી સૈન્ય શક્તિ બચી છે. ગઈકાલથી અમે તેમની મેન્યુફેક્ચરિંગ ક્ષમતાને ધ્વસ્ત કરવાનું શરૂ કરી દીધું છે."ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઈઝરાયલ દ્વારા તેલ ડેપો પર કરવામાં આવેલા હુમલાને 'ઈકોસાઈડ' (પર્યાવરણની હત્યા) ગણાવ્યો છે. તેમણે કહ્યું કે આનાથી જમીન અને ભૂગર્ભજળ પ્રદૂષિત થશે જેની અસર પેઢીઓ સુધી રહેશે.ઈરાકી સશસ્ત્ર જૂથ 'સરાયા અવલિયા અલ-દમ' એ બગદાદ એરપોર્ટ નજીક આવેલા અમેરિકન વિક્ટરી બેઝ પર રોકેટ હુમલાની જવાબદારી સ્વીકારી છે. આ હુમલામાં ૫ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે અને બેઝમાં ભીષણ આગ લાગી હતી.ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે ઈરાન વાટાઘાટો કરવા માટે ખૂબ જ ઉત્સુક છે, પરંતુ તેઓ હજુ તે શરતો માનવા તૈયાર નથી જે જરૂરી છે. વધુમાં, તેમણે હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષા જાળવવા માટે અન્ય દેશો સાથે ચર્ચા શરૂ કરી હોવાનું પણ જણાવ્યું છે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૨૬૩ અને ચાંદીના વાયદામાં રૂ.૬૮૩૫ની નરમાઈઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૯ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૭૬૫.૪૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૫૭૧૩૭.૮૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૨૪૧૬.૯૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૧૨૨ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૯૦૯૦૪.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૭૬૫.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૫૭૧૩૭.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૮૧૨૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૯૩૭.૨૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૨૪૧૬.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૩૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૫૨૩ અને નીચામાં રૂ.૧૫૪૯૨૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૮૪૬૬ના આગલા બંધ સામે રૂ.૨૨૬૩ ઘટી રૂ.૧૫૬૨૦૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૦૨૨ ઘટી રૂ.૧૨૭૮૨૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૬૨ ઘટી રૂ.૧૬૦૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૭૮ ઘટી રૂ.૧૫૬૨૪૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૦૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૦૦૨ અને નીચામાં રૂ.૧૫૫૭૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૫૮૨ના આગલા બંધ સામે રૂ.૨૫૯૯ ઘટી રૂ.૧૫૬૯૮૩ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૧૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૭૧૬૧ અને નીચામાં રૂ.૨૪૬૮૬૨ના મથાળે અથડાઈ, રૂ.૨૫૯૪૩૫ના આગલા બંધ સામે રૂ.૬૮૩૫ ઘટી રૂ.૨૫૨૬૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૭૬૭૮ ઘટી રૂ.૨૫૭૯૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૭૭૧૮ ઘટી રૂ.૨૫૮૧૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.


બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૮૧૨.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૦.૯ ઘટી રૂ.૧૧૭૬.૫ થયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૯ ઘટી રૂ.૩૨૨.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૪.૦૫ ઘટી રૂ.૩૪૨.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૨.૨ ઘટી રૂ.૧૮૬.૪ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૪૪૫.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૧૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૨૧ અને નીચામાં રૂ.૪૬૭૨ના મથાળે અથડાઈ, રૂ.૩૨૭ ઘટી રૂ.૪૭૯૬ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૯૧૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૪૧ અને નીચામાં રૂ.૮૯૩૬ના મથાળે અથડાઈ, રૂ.૯૦૫૨ના આગલા બંધ સામે રૂ.૩૯ ઘટી રૂ.૯૦૧૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૩૧ ઘટી રૂ.૯૦૧૬ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫ ઘટી રૂ.૨૮૬.૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૪.૮ ઘટી રૂ.૨૮૬.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૮૮ના ભાવે ખૂલી, રૂ.૪.૫ ઘટી રૂ.૯૯૬ થયો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૬૦ વધી રૂ.૨૫૯૨૦ થયો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૩ ઘટી રૂ.૨૪૧૨ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૮૬૦.૬૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૫૬.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૯૭૨.૩૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૭૦.૬૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૦૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૧.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૯.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૦૭૩.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૩૨.૨૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૫૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૬૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૯ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૩૧૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૨૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૯૬૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૫૮૫૬૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૫૦૯૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૭૨૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૭૪૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૭૩૪૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૪૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૬૪૫૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૧૪૪ લોટના સ્તરે રહ્યો હતો.




ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૮૪૪૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૪૪૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૧૨૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૭૭ પોઈન્ટ ઘટી ૩૮૧૨૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨૨.૮ ઘટી રૂ.૬૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮૫ ઘટી રૂ.૧૪.૬ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૮૦ ઘટી રૂ.૧૩૯૧ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૨૭.૫ ઘટી રૂ.૧૬૬૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૦૮ ઘટી રૂ.૯.૮૩ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૩૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા ઘટી રૂ.૦.૨૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૯૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯૩.૫૫ ઘટી રૂ.૨૨૮.૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬ ઘટી રૂ.૧૫.૨ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૦ ઘટી રૂ.૧૫૮૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૧૧.૫ ઘટી રૂ.૨૧૩૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩૮.૭ ઘટી રૂ.૩૧૧.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા વધી રૂ.૧૬.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧૨ વધી રૂ.૨૩૫૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૮ વધી રૂ.૮૫૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૮ વધી રૂ.૮.૯ થયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૬ પૈસા ઘટી રૂ.૩.૨૫ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩૯.૫૫ ઘટી રૂ.૩૨૨.૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૧૭.૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯૫ વધી રૂ.૨૫૦૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦૩ વધી રૂ.૮૩૯.૫ થયો હતો.

### વૈશ્વિક અશાંતિ વચ્ચે પણ LPGનો જથ્થો લઈને 'શિવાલિક' અને 'નંદદેવી' જહાજ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થયું

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના મજબૂત રાજદ્વારી સંબંધોને કારણે ભારતનું 'શિવાલિક' જહાજ સુરક્ષિત રીતે ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યુંઃ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી અશાંતિ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સફળ રાજદ્વારી પ્રયાસોને કારણે LPGનો જથ્થો લઈને ભારતનું 'શિવાલિક' જહાજ સુરક્ષિત રીતે ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યું છે. આ મહત્વપૂર્ણ સફળતા અંગે રાજ્યના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં ગૌરવભેર માહિતી આપી હતી.

ગૃહમાં સંબોધન કરતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હાલમાં ઈરાન, ઈઝરાયેલ અને અન્ય દેશો વચ્ચે જે પ્રકારનું સંકટ ઘેરાયેલું છે અને યુદ્ધનું વાતાવરણ છે, તેવા સમયે ભારતનું LPG ગેસ ભરેલું શિવાલિક જહાજ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થઈને મુંદ્રા બંદરે ગુજરાતની ધરતી પર આવી પહોંચ્યું છે. આ ઉપરાંત અન્ય એક 'નંદદેવી' જહાજ પણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થઈ ગયું છે અને આવતીકાલે ગુજરાતના વાડીનાર બંદરે પહોંચશે.

મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરાહના કરતા ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ડિપ્લોમેટીક રીતે ભારત આજે વિશ્વમાં એક અલગ ઊંચાઈ પર પહોંચ્યું છે. આ ડિપ્લોમેટીક સંબંધોના પરિણામે જ યુદ્ધ જેવી અશાંતિ વચ્ચે પણ ભારતના જહાજ સુરક્ષિત રીતે પસાર થઈ ચૂક્યા છે.

તેમણે રશિયા-યુક્રેન યુદ્ધના સમયને યાદ કરતા કહ્યું કે, તે સમયે વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી રશિયા અને યુક્રેનમાંથી યુદ્ધ રોકીને જે રીતે ભારતીય વિદ્યાર્થીઓને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, તેવી જ કુશળતા આજે ફરી એકવાર જોવા મળી રહી છે. આ 'નવું ભારત' છે જેની તાકાત સમગ્ર વિશ્વ જોઈ રહ્યું છે.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની આ નીતિ અને ડિપ્લોમેટીક સફળતાને આપણે વધાવવી જોઈએ. તેમણે વિધાનસભા ગૃહના માધ્યમથી ગુજરાતની જનતા વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરીને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

# રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ, ઘરેલુ LPG સિલિન્ડરના બફર સ્ટોકમાં સતત વધારો

સોમવાર ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ ગાંધીનગર વિધાનસભા પરિસર ખાતે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી તેમજ અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ વિભાગના ઉદ્દેશ્ય, "અંત્યોદયથી સર્વોદય, સૌને અન્ન, સૌને પોષણ"ના મંત્ર સાથે છેવાડાના માનવીની અન્ન સુરક્ષા અંગે સરકારના વિઝન અંગેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પત્રકાર પરિષદમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી મોના ખંધારે LPGના પુરવઠા અંગેના પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

**LPGને PNGમાં કન્વર્ટ કરવામાં પ્રાથમિકતા**

સુશ્રી મોના ખંધારના જણાવ્યા અનુસાર અત્યારે LPGના ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશકર્તાઓને PNGમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જે વપરાશકર્તાઓ LPG સાથે PNG કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં LPG કનેક્શન સરેન્ડર કરવાના રહેશે.

**દરેક જિલ્લામાં ૩૬ હજાર લિટર કેરોસીનની ફાળવણી**

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં LPGના પુરવઠાની સાથોસાથ વધારાના વિકલ્પ તરીકે કેરોસીનના વિતરણ અંગેની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી રહી છે. સુશ્રી મોના ખંધારના જણાવ્યા અનાસાર, "LPG ઉપરાંત આ જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૪૫૨ KL (૧૪,૫૨,૦૦૦ લિટર) કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને ૩૬ હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં પરિવાર દીઠ ૫ લિટર અને સંસ્થા દીઠ ૨૫ લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે."

**આવશ્યક અને અર્ધ આવશ્યક સેવાઓ અનુસાર LPGની ફાળવણી**

રાજ્યમાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦૦ ટકા જ્યારે ફાર્મા, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસ ઈન્ડસ્ટ્રી, એરલાઈન/રેલવે કેન્ટીનમાં ૭૦ ટકા તેમજ મત્સ્યોદ્યોગ જેવી આવશ્યક સેવાઓમાં ૧૦ ટકા કેપ સાથે કોમર્શિયલ LPG પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. તે સિવાય અર્ધ આવશ્યક સેવાઓ જેમ કે રેસ્તરાં/ઢાબા, હોટેલ્સ, કોર્પોરેટ કેન્ટીન, ઔદ્યોગિક કેન્ટીન, કોર્પોરેટ ગેસ્ટ હાઉસ અને ફુડ પ્રોસેસિંગમાં ૧૦ કેપ સાથે પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પૂરતા પગલા લેવામાં આવ્યા છે, જેથી જરૂરિયાત અનુસાર તમામ ક્ષેત્રોને જરૂરી પુરવઠો મળી રહે.

**LPG વિતરણની ચુસ્ત દેખરેખ માટે અધિકારીઓની નિમણૂક**

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એન્જસીઓમાં કડક દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. તેમના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સમયસર LPG પુરવઠો મળે અને ગેરરીતિને અટકાવી શકાય. છેલ્લા ૧૨ દિવસમાં જિલ્લા કક્ષાએ ૯૧૨ અને રાજ્ય કક્ષાએ ટીમ દ્વારા ૧૭ કિસ્સાઓમાં તપાસની કામગીરી કરવામાં આવી છે. LPG માટે રાજ્ય હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૨-૦૨૨૨ રાજ્યમાં LPG અંગેના કોઈ પ્રશ્ન માટે નાગરિકોને રાજ્ય હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૨-૦૨૨૨નો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું છે.

# યૌન શોષણની પીડિત બાળકીઓને વારંવાર કોર્ટમાં ન બોલાવોઃ ટ્રાયલ કોર્ટને દિલ્હી હાઈકોર્ટની ફટકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે પોક્સો કેસના પીડિતોને વારંવાર કોર્ટમાં હાજર રહેવા માટે સમન્સ મોકલવામાં નીચલી અદાલતોના વલણ પર ચિંતા વ્યક્ત કરી છે અને તેમને ફટકાર લગાવી છે.




હાઈકોર્ટના જજ સ્વર્ણ કાંત શર્માની કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, ટ્રાયલ અથવા જામીનની સુનાવણી દરમિયાન પીડિત સગીર બાળકીઓને વારંવાર કોર્ટમાં બોલાવવું યોગ્ય નથી. આમ કરવાથી બાળકોને માનસિક વેદના અને ફરીથી ટ્રોમાનો સામનો કરવો પડી શકે છે.

આ કેસ ૨૦૨૨ના યૌન શોષણના કેસ સાથે સંબંધિત છે, જેમાં સગીર પીડિતાને ટ્રાયલ દરમિયાન ૯ વખત કોર્ટમાં હાજર થવું પડ્યું હતું. એટલું જ નહીં, હાજર ન રહેવા બદલ જામીનપાત્ર વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું. બાર એન્ડ બેન્ચના એક અહેવાલ પ્રમાણે જસ્ટિસ સ્વર્ણ કાંત શર્માની કોર્ટે કહ્યું કે, પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ હેઠળ કોર્ટે ચાઈલ્ડ ફ્રેન્ડલી પ્રક્રિયા અપનાવવી જોઈએ, જેથી પીડિત બાળકીઓને વારંવાર અથવા બિનજરૂરી રીતે કોર્ટમાં હાજર ન રહેવું પડે. જો શક્ય હોય તો બાળકોના નિવેદનો રેકોર્ડ કરવા માટે વિડીયો કોન્ફરન્સિંગનો ઉપયોગ કરવામાં આવે, જેથી તેમને કોર્ટમાં આવવાની જરૂરિયાત ઓછી પડે.

કોર્ટે પોતાના આદેશમાં આગળ કહ્યું કે, પીડિતાને જામીન અરજીઓની સુનાવણી દરમિયાન પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે, પરંતુ જો એકવાર પીડિતાના વાંધા કે જામીન પરના મંતવ્યો નોંધાઈ જાય, તો દરેક સુનાવણીમાં તેમની શારીરિક કે વર્ચ્યુઅલ ઉપસ્થિતિ પર ભાર મૂકવો યોગ્ય નથી. આ ટિપ્પણી હાઈકોર્ટે ૨૦૨૨માં દાખલ કરાયેલા એક યૌન શોષણના કેસની ત્રણ સગીર પીડિતાઓની અરજી પર સુનાવણી કરતા કરી હતી. અરજી પ્રમાણે ત્રણેય છોકરીઓ ગુમ થઈ ગઈ હતી અને બાદમાં દિલ્હીમાં મળી આવી હતી.

તેમણે આરોપ લગાવ્યો હતો કે, તેમને ઘણા આરોપીઓ દ્વારા બે દિવસ સુધી બંધક બનાવીને તેમનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું અને ધમકી આપવામાં આવી હતી. આ કેસમાં દુષ્કર્મ, માનવ તસ્કરી અને પોક્સો એક્ટ (POCSO) હેઠળ પણ આરોપો જોડવામાં આવ્યા હતા.

અરજદારોએ કોર્ટને જણાવ્યું કે, ટ્રાયલ દરમિયાન અમને જુબાની આપવા માટે વારંવાર બોલાવવાના કારણે અમારે માનસિક તણાવનો સામનો કરવો પડે છે. એક પીડિતાને તેની જુબાની પૂર્ણ થાય તે પહેલાં ૯ વખત કોર્ટમાં બોલાવવામાં આવી હતી, જ્યારે અન્ય બેને પણ ઘણી વખત હાજર રહેવાની જરૂર પડી હતી. ટ્રાયલ કોર્ટે સગીર પીડિતોમાંથી એક સામે કોર્ટમાં હાજર ન રહેવા બદલ જામીનપાત્ર વોરંટ પણ જારી કર્યું હતું. બાદમાં હાઈકોર્ટે તે વોરંટ રદ કરી દીધું.

હાઈકોર્ટે કહ્યું કે, સગીર પીડિતોના હિતમાં પહેલાથી જ ઘણી ગાઈડલાઈન જારી કરવામાં આવી છે. તેથી, ટ્રાયલ કોર્ટ અને સ્પેશિયલ કોર્ટે આ ગાઈડલાઈનને એકસમાન અને સખ્તીથી લાગુ કરવી જોઈએ જેથી ન્યાયિક પ્રક્રિયા દરમિયાન બાળકીઓને બિનજરૂરી માનસિક યાતનાનો સામનો ન કરવો પડે.

# ટ્રેન નંબર ૧૯૨૦૧ ભાવનગર ટર્મિનસ – અયોધ્યા કેન્ટ એક્સપ્રેસનો માર્ગ પરિવર્તન અને સ્ટોપેજ તાત્કાલિક રીતે રદ

ઉત્તર રેલવે દ્વારા અવસંરચના સુધારણા કાર્યના ભાગરૂપે કાનપુર સેન્ટ્રલ-લખનઊ જંક્શન રેલખંડમાં કાનપુર સેન્ટ્રલ–કાનપુર પુલ ડાબી બાજુના સેક્શનમાં આવેલ બ્રિજ નંબર ૧૧૦ પર સ્ટીલ ટ્રફ દૂર કરવા અને H-Beam સ્લીપર ઉપલબ્ધ કરાવવા માટે ૪૨ દિવસનો મેગા ટ્રાફિક તથા પાવર બ્લોક લેવામાં આવી રહ્યો છે.

આ કામગીરીને કારણે કેટલીક ટ્રેનોના સંચાલનમાં તાત્કાલિક ફેરફાર કરવામાં આવ્યો છે.

આ જ ક્રમમાં પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા સંચાલિત ટ્રેન નંબર ૧૯૨૦૧ ભાવનગર ટર્મિનસ – અયોધ્યા કેન્ટ એક્સપ્રેસને તેના નિયમિત માર્ગના બદલે બદલાયેલા માર્ગથી દોડાવવામાં આવશે.

નિર્ધારિત કાર્યક્રમ મુજબ આ ટ્રેન પોતાના નિયમિત માર્ગ કાનપુર સેન્ટ્રલ – લખનઊ જંક્શન – અયોધ્યા કેન્ટ ના બદલે કાનપુર સેન્ટ્રલ – પ્રયાગરાજ જંક્શન – માઁ બેલ્હા દેવી ધામ પ્રતાપગઢ જંક્શન – સુલ્તાનપુર – અયોધ્યા કેન્ટ માર્ગે સંચાલિત થશે.

આ વ્યવસ્થા નીચેની તારીખોએ અમલમાં રહેશે — ૦૬ એપ્રિલ, ૧૩ એપ્રિલ, ૨૦ એપ્રિલ, ૨૭ એપ્રિલ, ૦૪ મે અને ૧૧ મે, ૨૦૨૬.

માર્ગ પરિવર્તન દરમિયાન કેટલાક સ્ટેશનો પર આ ટ્રેનનો સ્ટોપેજ તાત્કાલિક રીતે રદ રહેશે. પરિણામે ઉપરોક્ત તારીખોમાં આ ટ્રેન લખનઊ જંક્શન અને બારાબંકી જંક્શન ખાતે નહીં રોકાય.

મુસાફરોની સુવિધા માટે વિનંતી છે કે મુસાફરી શરૂ કરતાં પહેલાં ટ્રેન અંગેની તાજી માહિતી National Train Enquiry System (NTES), ભારતીય રેલ્વેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in અથવા રેલ્વે હેલ્પલાઈન નંબર ૧૩૯ દ્વારા જરૂર મેળવી લેવી.

# સેફ્ટી નેટ ન લગાવતા શ્રમિકનું ત્રીજા માળેથી પડી જતાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના એસપી રિંગ રોડ પાસે હેબતપુર ગામ પાછળ આવેલી બીનોરી એરિસ્ટોલા નામની સાઈટ પર કામ કરતા શ્રમિકનું ત્રીજા માળેથી નીચે પડવાના કારણે મોત થયું હતું. સાઈટ પર સેફ્ટી નેટ ના લગાવવાના કારણે શ્રમિકના મોત મામલે બોડકદેવ પોલીસે બિલ્ડર, એન્જિનિયર, કોન્ટ્રાક્ટર સહિત ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૂળ રાજસ્થાનનો ૨૩ વર્ષીય અનિલ નિનામા એસપી રિંગ રોડ હેબતપુર ગામ પાછળ આવેલી બીનોરી એરિસ્ટોલા નામની કન્સ્ટ્રક્શન સાઈટ પર વોટર પ્રુફિંગનું કામ કરતો હતો. તા.૩૦ સપ્ટેમ્બરના રોજ તે ત્રીજા માળે વોટર પ્રુફિંગનું કામ કરતો હતો. આ સાઈટના ફ્લેટ નંબર ૩૦૧ના બેડરૂમની બારીના છજ્જા પર પ્લાન્ટેશનની જગ્યાએ તે વોટર પ્રુફિંગનું કામ કરતો હતો ત્યારે છજ્જા પરથી પગ લપસી જતા અનિલ ભોંયતળિયે પડ્યો હતો. અનિલને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. મેડિકલ સ્ટાફે આવીને અનિલને તપાસતા તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે બોડકદેવ પોલીસને જાણ કરાતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાંધકામ સાઈટ પર અવરોધક સેફ્ટી નેટ ન લગાવી હોવાનું સામે આવ્યું હતું. જેમાં સાઈટના લેબર કોન્ટ્રાક્ટર લક્ષ્મણ મકવાણા, મુખ્ય કોન્ટ્રાક્ટર ચિરાગ પટેલ, બિલ્ડર વિષ્ણુ શર્મા તથા સાઈટ એન્જિનિયર હાર્દિકની બેદરકારી છતી થતાં બોડકદેવ પોલીસે આ ચારેય લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઓડિશામાં કરુણાંતિકાઃ SCB હોસ્પિટલના ટ્રોમા કેર સેન્ટરમાં ભીષણ આગ, ૧૦ દર્દીઓના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કટક

ઓડિશાના કટક શહેરની એક હોસ્પિટલમાં મોડી રાત્રે આગ લાગી. આ દુર્ઘટનામાં 10 દર્દીઓના મોત થયા છે, જ્યારે 5 ગંભીર રીતે ઘાયલ છે. મુખ્યમંત્રી મોહન માઝી ઘાયલોને મળવા માટે હોસ્પિટલ પહોંચ્યા છે.આ અંગે વિગતે વાત કરીએ તો, ઓડિશાના કટક શહેરમાં આવેલી SCB મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના ટ્રોમા કેર ICUમાં મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માત સોમવારે વહેલી સવારે લગભગ 3 વાગ્યે થયો હતો, જ્યારે હોસ્પિટલના પહેલા માળે ટ્રોમા કેર ઈમરજન્સી વિભાગમાં અચાનક આગ લાગી હતી.

આ ઘટનાને પગલે હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં નાસભાગ મચી ગઈ હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં 10 દર્દીઓના મોત થયા છે. જેમાંથી કેટલાકના ICUમાં જ ગૂંગળામણને કારણે મોત થયા હતા, જ્યારે કેટલાકના અન્યત્ર ખસેડતી વખતે મોત નીપજ્યા હતા. 5 દર્દીઓની હાલત હજુ પણ અત્યંત ગંભીર છે. હોસ્પિટલ સ્ટાફને પણ કેટલીક ઈજાઓ થઈ છે, પરંતુ તેમની સંખ્યા હજુ પુષ્ટિ થઈ નથી.આગ લાગતાની સાથે જ હોસ્પિટલ સ્ટાફ અને ફાયર બ્રિગેડે તાત્કાલિક પગલાં લીધા હતા. હોસ્પિટલના પોતાના ફાયર વિભાગે પ્રથમ પ્રતિસાદ આપ્યો હતો અને બહારથી ત્રણ ફાયર ટેન્ડરો પણ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગ પર કાબૂ મેળવવા માટે ઝડપી કામગીરી કરવામાં આવી હતી, પરંતુ ધુમાડા અને આગના કારણે ઘણા દર્દીઓને ભારે તકલીફ થઈ હતી.


**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલ અને ટેલિકોમ કાર્ય**

Sr. DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, ઈ-ટેન્ડર નંબર SG_216_2_155_WA, તારીખ: 13.03.2026. કાર્ય અને સ્થાન: સિગ્નલ અને ટેલિકોમ કાર્ય (1) જોરાવાસન - સુરત સેક્શન - CTR(P) - 14.624 TKM પેસેન્જર લૂપ્સ માટે (2) વિરાર જોરાવાસન - TRR(P) - 13.405 TKM મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનના પેસેન્જર લૂપ્સ માટે . કાર્યની અંદાજિત કિંમત: ₹ 1,30,01,538.37/- EMD: ₹ 2,15,000/-. સબમીશન બંધ થવાની તારીખ અને સમય: તા. 06.04.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 06.04.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

1230

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# શહેરનાં બિલ્ડરો કોઈ તુરર્મખાનની ઔલાદ નથી

## શહેરમાં આડેધડ ગેરકાયદે બંધકામો ઊભા કરતાં બિલ્ડરો પાસે શું કોઈ બિલ્ડર હોવાનું કાયદેસર લાયસન્સ છે ખરું?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે સામાન્ય રીતે જોઈએ છીએ કે દરેક વ્યવસાય કરનાર વ્યક્તિ પાસે એના ધંધા-રોજગાર કરવા માટેનું એક લાયસન્સ હોય છે. અને એ લાયસન્સ સરકારની જુદી જુદી એજન્સીઓ ધ્વારા આપવામાં આવતું હોય છે. જેમકે ડેરીનું લાયસન્સ ફૂડ ખાતા ધ્વારા, દવાનું લાયસન્સ મેડિકલ બોર્ડ અને વાહનનું લાયસન્સ RTO ધ્વારા આપવામાં આવતું હોય છે.

ત્યારે બિલ્ડર લોકોને સરકાર તરફથી કે કલેક્ટર કચેરી અથવા કોઈ અન્ય સરકારી કચેરી ધ્વારા આ પ્રમાણે લાયસન્સ આપવામાં આવતું નથી. આજે શહેરમાં તો એ પરિસ્થિતિ છે કે કેટલાક નાના-મોટા બાંધકામોમાં કડિયા કામ કરતાં કરતાં બાંધકામોનાં કોન્ટ્રાક્ટ લઈને બિલ્ડરો બનેલા પણ છે. જેઓ કોઈ જન્મજાત બિલ્ડર હોતા નથી. આવા નાના-મોટા બાંધકામો કરતાં કરતાં બિલ્ડરોની વ્યાખ્યામાં આવતી આવી વ્યક્તિઓને કોઈ બિલ્ડર તરીકે ના લાયસન્સની ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ બાંધકામ કરવા માટેની જે તે સરકારી અને સ્વાયત સંસ્થાઓ પાસેથી પરમીશન લેવાની હોય છે.

ત્યારે આવા બિલ્ડરો જ્યારે સમાજ ઉપર પ્રભાવ પાડવાનો એટલેકે રોફ જમાવવા કે નાના માણસો ઉપર ખોફ ઊભો કરે છે. ત્યારે આવા બિલ્ડરોની ગણતરી માથાભારે અને દાદાગીરી કરવાથી વધુ એમની કોઈ ઈજ્જત હોતી નથી.

આમ બિલ્ડરોને પ્રજા કોઈ સોગંધ નથી ખવડાવતી કે તમે કાકા,મામા ના થતાં હોય. તમે બિલ્ડર બનો ઉપરાંત બિલ્ડર બન્યા એટલે કોઈ ચિટિંગનું લાયસન્સ નથી મળી જતું કે તમે બાંધકામના નામે ખેડૂતોને કે પ્રજાની સાથે વહેપારીઓ અને સામાન્ય માણસ સાથે ચિટિંગ કરો કે એમને એટલેકે પ્રજાના પૈસે લીલા લહેર કરી ધાગડધિન્ના કરો અને લકઝરીયસ કારોમાં ફરો, વૈભવી બંગલાઓમાં રહો કે લકઝૂરિયસ ફ્લેટોમાં રહો અને છેતરપિંડી કરી લોકોને રાતાપાણીએ નવડાવો.

આવા બિલ્ડરો ધ્વારા મોટી મોટી લોભામણી જાહેરાતોના હોર્ડીંગ્સો લગાવડાવી બ્રોકરોના માધ્યમથી બુકીંગ પેટે ૩૦%-૩૫% બુકીંગ એડવાન્સ લઈ ૨-૩ વર્ષ સુધી જગ્યા ઉપર કોઈ બાંધકામ થતાં નથી અને સમય પસાર કર્યા કરી ને ૧૦ થી ૧૨ વર્ષ થઈ ગયા હોવા છતાં પણ પ્રોજેકટો પૂરા થતાં નથી. અને તેમને પઝેશન મળતું નથી કે બુકીંગ ના પૈસા પણ પાછા મળતા નથી. અને આમ કરી ફ્લેટ, દુકાનની જરૂરિયાતો વાળા પાસેથી નાણાં રોકડા લઈને ખુલ્લી છેતરપિંડી કરાય છે. કારણકે જરૂરિયાતવાળાઓ પાસેથી નાણાં લીધા પછી એમને બુકીંગ કરેલ દુકાન, ફ્લેટ નો કબજો આપવાની વાત તો દૂર રહી પરંતુ જરૂરિયાતમંદોને શાંતિથી જવાબ પણ આપવામાં આવતા નથી અને ખુલ્લી દાદાગીરી કરે છે અને કહે છે કે તમારાથી થાય તે કરી લો. એવી ખુલ્લી ધમકી આપે છે. માત્ર એક રૂપિયાની ડાયરી પર લખાણ કરેલ હોય તે લખાણના આધારે કંઈ કરી શકતા નથી. આવા બિલ્ડરોની ગણતરી પણ ગુન્હાખોરીની વ્યાખ્યામાં થતી હોય છે. આવા બિલ્ડરો ઉપર કાયદેસરના પગલાં ભરવા જોઈએ. જે રીતે બિલ્ડરો પ્રોજેકટો ઉપર લોન લઈ બેક્રો ને વ્યાજ ચૂકવે છે એવી જ રીતે ૩૦%-૩૫% બુકીંગ કરનારા ઓને પણ વ્યાજ સહિત રકમ ચૂકવવી જોઈએ. પછી ભલે બિલ્ડરો પોતાની જાતને સામાજિક પ્રતિષ્ઠિત વ્યક્તિ માનતા હોય પરંતુ ગુન્હો એ ગુન્હો જ કહેવાય છે. અને એને ગુન્હેગાર કહેવો ખોટું નથી.

સુરત શહેરમાં પ્રાઈમ શોપર્સ બિલ્ડરો ધ્વારા થતી છેતરપિંડી અંગે દૈનિક ન્યુઝ લાઈન સીધા સમાચાર સુરતના તંત્રી છગનલાલ મેવાડા ધ્વારા તપાસ કરાવી સુમિત ગોયંકા મોટું કૌભાંડ કરી ભાગી જશે તેવી જાહેર જનતાના હિતમાં સમાચાર પ્રસિધ્ધ કરેલા હતા. જે સમાચાર છ મહિના બાદ સાચા પડેલા અને સુમિત ગોયંકા વિરુધ્ધમાં વેસુ પોલીસ સ્ટેશનમાં ૮૦૦ કરોડના ફ્રોડ કરી ભાગી જવા અંગે ગુનો નોંધવામાં આવેલો. આ સુમિત ગોયંકા એ પોલીસ સાથેના મેળાપીપણામાં દિલ્હીથી પાપડ-ખાખરા વેચતા હોવાનું દેખાવો કરી પકડાઈ ગયેલા. અને હાલ સુરત શહેરમાં સ્થાયી થઈ ગયેલ છે. અને જેના પૈસા ગયા તેઓ આર્થિક મુશ્કેલીમાં ફસાઈ ગયા છે.

પ્રાઈમ શોપર્સ વેસુ રોડ, સુરત ખાતે સુમિત ગોયંકા ભાડાની ઓફિસ રાખી વહીવટ કરતાં અને તેઓના સાથે ધંધો કરનારા, પ્રતિષ્ઠિત બિલ્ડરો, મોટા મોટા ખેડૂતો,નામચીન બ્રોકરો મોટા જમીનોના સોદા કરાવનાર બ્રોકરો ત્યાં દરરોજ કરોડો રૂપિયાની સોદાચિઠ્ઠી બનતી હતી જેમાં મોટા ભાગના બિલ્ડરો પણ લાઈનમાં બેસતા હતા. બિહારથી આવેલા આ સુમિત ગોયંકાએ ૮૦૦ કરોડનો કૌભાંડ આચરેલો.

ચાલક-કંડક્ટર કેબિનમાં ફસાઈ જતાં ફાયર ટીમે બંનેના મૃતદેહો બહાર કાઢ્યા

# પ્રાંતિજના સાદોલીયા બ્રિજ પાસે ડમ્પર ઉપર ગડર પડી: બેનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રાંતિજ

પ્રાંતિજ તાલુકાના સાદોલિયા ગામે આવેલા પુલના છેડે રાત્રિના સમયે ગડરમાં ડમ્પર ઘૂસી જતાં ડમ્પરના ડ્રાઈવર અને કંડક્ટર બંનેનાં મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ, પ્રાંતિજ-મહેસાણાને જોડતા સાદોલિયા ગામેથી પસાર થતી સાબરમતી નદી ઉપર બનેલ પુલ પર ઓવરલોડ અને ભારે વાહનો ઉપર પ્રતિબંધ હોવાથી પુલના બન્ને છેડે લોખંડની હેવી ગડર લગાડવામાં આવી છે. જ્યાં શનિવારે મોડી રાત્રે પ્રાંતિજ તરફથી કપચી ભરીને જઈ રહેલું ડમ્પર બાબરીયા વીરના મંદિર નજીક બ્રિજના છેડે લગાવવામાં આવેલી ગડર સાથે ટકરાયું હતું. આ અકસ્માત એટલો ભયંકર હતો કે, ડમ્પરના કેબિનમાં ગડરનો ભાગ પડતાં ડ્રાઈવર અને કંડક્ટરને ગંભીર ઈજાઓ પહોંચતાં બંનેનું ઘટના સ્થળે જમોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ પ્રાંતિજ પોલીસને થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર દોડી ગઈ હતી અને પ્રાંતિજ ફાયર ફાયટરની ટીમને જાણ કરી હતી. ફાયર ટીમના કેપ્ટન મુકેશભાઈ પરમાર, અનીલભાઈ, ગોપાલભાઈ પટેલ સહિત ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ટ્રકના કેબીનમાં ફસાયેલ ડ્રાયવર-કંડક્ટરને મૃત હાલતમાં બહાર કાઢવામા આવ્યા હતા.ગડરને ટકરાયેલા ડમ્પરની પાછળ આવી રહેલી અન્ય એક ટ્રક ડમ્પરની પાછળ અથડાતાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકના કેબિનને નુકસાન થયું હતું અને તેનો ડ્રાઈવર ફસાઈ ગયો હતો. આ સમયે હાજર ફાયર બ્રિગેડ ટીમ દ્વારા પતરા કાપી ડ્રાઈરને તાત્કાલિક બહાર કાઢ્યો હતો અને હાજર ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર આપવામા આવી હતી.

# પ્રજા એ આંદોલનો શા માટે કરવા પડે છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે ત્યાં અનેક લોકો વ્યક્તિગત રીતે તેમજ સંસ્થાગત રીતે સામાજિક સુધારણા ના કામો કરે છે. કોઈ શિક્ષણ ક્ષેત્રે કામ કરે છે, કોઈ આરોગ્ય ક્ષેત્રે કામ કરે છે, કોઈ અંધશ્રદ્ધા નિવારણ નું કામ કરે છે, કોઈ સમાજના કુરિવાજો નિવારવાનું કામ કરે છે, કોઈ પર્યાવરણની રક્ષાનું કામ કરે છે, કોઈ બાળ અધિકાર માટે તો કોઈ મહિલા અધિકાર માટે તો કોઈ માનવ અધિકાર માટે કામ કરે છે. આ બધી વ્યક્તિઓનું કે સંસ્થાઓનું યોગ્ય સંકલન કરવું જરૂરી છે. એક વિશાળ સામાજિક સુધારણા આંદોલન માટે સૌએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. જુદા જુદા વ્યાવસાયિક મંડળો પણ એમની સમસ્યાઓ બાબતે આંદોલનો ચલાવી રહ્યા છે. જુદા જુદા સમાજો (આદિવાસી સમાજ, દલિત સમાજ, ઓબીસી સમાજ, મજૂર સમાજ, ખેડૂત સમાજ, દેવીપુજક સમાજ વિગેરે) એમને થતાં અન્યાયો બાબતે આંદોલનો ચલાવી રહ્યા છે.આવા આંદોલનો અહિંસક રીતે જ ચાલવા જોઈએ. ગાંધીવાદી માનવતાવાદમાં માનનારા સૌએ આંદોલનકારીઓને સમર્થન આપવું જોઈએ. અહીં સવાલ એ છે કે આંદોલનો પ્રજાએ શા માટે કરવા પડે છે? એ માટેનું મુખ્ય કારણ કોઈ પણ શાસકો જ્યારે આમ જનતા ના હિતની વિમુખ હોય છે. શાસકો અને મોટાભાગના મોટા વહીવટી અધિકારીઓ, મોટા ઉદ્યોગપતિઓ, ધનપતિઓના હિતની જાળવણી માટે શાસનનો અને સત્તાનો ઉપયોગ કરી રહ્યા છે. આમ જનતાની સમસ્યાઓની એમને ચિંતા નથી.

જે વ્યક્તિઓ, સંસ્થાઓ કે સમાજો કોઈપણ શાસકો સાથે જોડાયેલા હોય છે અને તેઓ જો કોઈ આંદોલનના સમર્થનમાં કે વિરોધમાં હોય તો તેમને આંદોલનથી અલગ રાખવા જરૂરી છે. તેમના પર પ્રજાહિત માટે ભરોસો મુકી શકાય નહીં. મોટેભાગે તો તેઓ જે તે શાસકોની સલાહ મુજબ આંદોલનકારીઓને ગેરમાર્ગે દોરવાનું જ કામ કરતા હોય છે. તેમણે જો વ્યાપક જનહિત માટે આંદોલનકારીઓ સાથે રહેવું હોય તો એમણે જે તે શાસકોના સાથ કે સમર્થન છોડવું પડે. જો જે તે શાસકોનું શાસન, જે તે શાસકોના કાયદાઓ અન્યાયકારી હોય તો એનો વિરોધ એની સામે આંદોલન સૌએ એકજુથ બનીને કરવો જોઈએ. આપણે સમગ્ર આમ જનતાનું છેવાડાના માણસનું હિત જોનારી શાસન વ્યવસ્થા ઊભી કરવાની છે. અત્યારે જે સ્થાપિત હિતોની જે કોઈ શાસન વ્યવસ્થા છે એ પણ સમજીને એ અંગે પણ વિકલ્પ વિચારવો જોઈએ.

અંતમા પ્રજાએ આંદોલનો કરવા જ ના પડે એવી પરિસ્થિતિનું આપણે સૌએ સાથે મળીને નિર્માણ કરવાનું છે. કારણ કે આ લખનાર લેખક પણ સામાજિક સેવા સંસ્થા સાથે સંકળાયેલા હોવાથી સર્વ ધર્મ સમભાવ અને વસુધૈવ કુટુંબકમ્પ ની ભાવનાથી સમાજ સેવા કરી પ્રજાના હિતોને પ્રાધાન્ય આપવા સાથે પ્રજાના પ્રશ્નોને અખબારી માધ્યમથી વાચા આપી ઉમદા કાર્ય કરી રહ્યા છે.

ગીર સોમનાથ-જૂનાગઢના આંકડા જાહેર કરાયા

# ગુજરાત વિધાનસભામાં FIR મુદ્દે ગરમ ચર્ચા થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના પ્રશ્નકાળ દરમિયાન પોલીસ દ્વારા FIR નોંધવામાં થતી મોડાશ અને ફરિયાદ ન લેવાતી હોવાના મુદ્દે ગૃહમાં ગરમાગરમ ચર્ચા થઈ હતી. કોંગ્રેસના ધારાસભ્યોએ આ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે ગૃહ રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ પોલીસ નિયમ મુજબ કાર્યવાહી કરતી હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલી FIR અંગે સરકાર પાસે માહિતી માગી હતી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ઘણા કિસ્સાઓમાં અરજદારો દ્વારા ફરિયાદ કરવા છતાં પોલીસ FIR નોંધતી નથી. આવી સ્થિતિમાં FIR ન નોંધનાર અધિકારીઓ સામે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે તે અંગે પણ તેમણે સવાલ કર્યો હતો.

આ સવાલના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે પોલીસ કાયદા અને નિયમો અનુસાર જ FIR નોંધે છે અને ગુનાની મેરિટના આધારે કાર્યવાહી કરવામાં આવે છે. તેમણે ગૃહમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૩૦૮ FIR નોંધાઈ છે, જ્યારે જૂનાગઢ જિલ્લામાં ૨૫૧ FIR નોંધાઈ છે.

ચર્ચા દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના ડૉ. અતુલ ચગના આત્મહત્યા કેસનો મુદ્દો પણ ઉઠ્યો હતો. વિપક્ષના સભ્યોએ જણાવ્યું હતું કે આ કેસમાં શરૂઆતમાં ફરિયાદ નોંધાઈ ન હતી અને મૃતકના પરિવારને અંતે હાઈકોર્ટ સુધી જવું પડ્યું હતું. ત્યારબાદ હાઈકોર્ટના આદેશ બાદ પોલીસ દ્વારા ફરિયાદ નોંધાઈ હોવાનું ગૃહમાં જણાવાયું હતું.

આ સાથે જ જૂનાગઢમાં બનેલા એક કોન્સ્ટેબલની આત્મહત્યા કેસની પણ ચર્ચા થઈ હતી. વિપક્ષના સભ્યોએ દાવો કર્યો હતો કે આ કેસમાં મૃતક કોન્સ્ટેબલે એક ડિવાયએસપીનું નામ લખીને આત્મહત્યા કરી હતી, છતાં શરૂઆતમાં યોગ્ય કાર્યવાહી થઈ ન હતી. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ આ મુદ્દે સવાલ ઉઠાવતા પૂછ્યું હતું કે પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં મોડું કેમ થયું. તેના જવાબમાં મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશ બાદ ફરિયાદ નોંધાઈ હતી અને હાલ તપાસ ચાલુ છે.

ગૃહમાં ચાલી રહેલી ચર્ચા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળાએ સરકારના એક નિર્ણયની પ્રશંસા પણ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે અમદાવાદના જમાલપુર-ખાડિયા અને દાણીલીમડા વિસ્તારોમાં બંધ પડેલા લગભગ ૭૫૦ MSME યુનિટોને ફરી શરૂ કરવા માટે સરકાર દ્વારા કરાયેલા પ્રયાસો સરાહનીય છે. તેમણે કહ્યું કે આ પ્રયાસોથી લગભગ એક લાખ લોકોને રોજગાર મળવાનો માર્ગ ખુલ્યો છે. ગૃહમાં આ મુદ્દે અધ્યક્ષે પણ ટિપ્પણી કરતાં કહ્યું હતું કે માત્ર શાસક પક્ષના સભ્યો જ સરકારના વખાણ કરે એવું નથી, વિપક્ષના સભ્યો પણ યોગ્ય કામ માટે સરકારની પ્રશંસા કરી શકે છે.

આ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડીએ આદિવાસીઓ અને વન વિભાગ વચ્ચે થયેલા ઘર્ષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આદિવાસીઓ સામે ફરિયાદ લેવામાં આવી છે, પરંતુ આદિવાસીઓ દ્વારા કરાયેલી ફરિયાદ નોંધાઈ નથી.

પોતાના પર થયેલા હુમલા અંગે પણ FIR નોંધાઈ નથી તેવું તેમણે ગૃહમાં જણાવ્યું હતું. તેના જવાબમાં મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે અરજીઓના આધારે તપાસ કરવામાં આવી હતી, પરંતુ આક્ષેપોને સમર્થન આપતા પૂરતા પુરાવા મળ્યા નથી. ચર્ચા દરમિયાન કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે કાયદા મુજબ કોઈપણ વ્યક્તિની FIR લેવી ફરજિયાત છે અને આવા કિસ્સાઓમાં ક્રોસ ફરિયાદ કેમ નોંધાઈ નથી તે અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.

ગૃહમાં ચાલેલી આ ચર્ચા દરમિયાન કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું હતું કે ગૃહમાં પ્રશ્નોના જવાબ આપતા મંત્રીઓ પાસે પૂરતી માહિતી હોવી જરૂરી છે. ગૃહની કાર્યવાહી વિધાનસભાના નિયમો મુજબ ચાલવી જોઈએ તેવી પણ તેમણે માંગણી કરી હતી. આ રીતે FIR નોંધવાની પ્રક્રિયા અને પોલીસ કાર્યવાહી અંગે વિધાનસભામાં લાંબી ચર્ચા થતાં ગૃહમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.

